
**વડીલોને વંદન**

**અભિનંદન**



જયંતીલાલ છગનલાલ શાહ
(૧૯૨૮)ફોન:૨૩૨૨૩૬૯૧

# દશેરાના દિવસથી સમદર્શન આશ્રમના દશાબ્દિ મહોત્સવનો ઉમળકાભેર પ્રારંભ કરાયો

## સામૂહિક મંત્રજાપથી મહોત્સવનો પ્રારંભ કરાયો : રાત્રે યોજાયેલા ડાયરામાં શાહબુદ્દીન રાઠોડ અને યોગેશ ગઢવીએ હાસ્યરસ પીરસ્યો

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરના કેક્ટર-૧ ખાતે આવેલ સમદર્શન આશ્રમ ખાતે દશાબ્દિ મહોત્સવનો ઉમળકાભેર પ્રારંભ કરવામાં આવ્યો છે. આ દશાબ્દિ મહોત્સવનો પ્રારંભ તા. ૩જી ઓક્ટોબરને દશેરાના દિવસે કરવામાં આવ્યો હતો. જેમાં પુ. ગુરૂમાના સાનિધ્યમાં સાધકોના સામુહિક મંત્ર-જાપની કાર્યક્રમનો પ્રારંભ કરાયો હતો. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભક્તોએ ભાગ લીધો હતો.

દશાબ્દિ મહોત્સવ અંતર્ગત રાત્રે પ્રસિદ્ધ હાસ્ય કલાકાર શાહબુદ્દિન રાઠોડનો હાસ્ય દરબાર યોજાયો હતો. જેને માણવા નગરજનો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. આ કાર્યક્રમમાં રાજ્યના શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અધ્યક્ષ સ્થાને તેમજ સંગીત નૃત્ય નાટ્ય અકાદમીના અધ્યક્ષ યોગેશભાઈ ગઢવી અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં શાહબુદ્દીન રાઠોડે તેમની પ્રસિદ્ધ રચના 'વનેચંદનો વરઘોડો' સહિત અનેક પ્રસંગોની વાત કરીને શ્રોતાઓને પેટ પકડાવીને હસાવ્યા હતા. યોગેશભાઈ ગઢવીએ પણ તેમની લાક્ષણિક શૈલીમાં ચારણી સાહિત્યમાં શીવ અને કૃષ્ણની વિવિધ કૃતિઓનું રસપાન કરાવ્યું હતું.




# ગાંધીનગરમાં સ્વચ્છતા અભિયાન

ગાંધીનગર, તા. ૫

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના ૧૪૫મી જન્મ જયંતિએ વડાપ્રધાન



નરેન્દ્ર મોદીએ જાતે હાથમાં ઝાડુ પકડીને જાહેર માર્ગની સફાઈ કરી દેશના જન જનને સ્વચ્છતા અભિયાનમાં જોડાવા હાંકલ કરી છે. તેમણે આ અભિયાન દ્વારા ગાંધીજીને સાચી શ્રદ્ધાંજલિ અર્પિત કરવા સાથે વિશ્વમાં ભારતનું નામ સ્વચ્છ દેશોની યાદીમાં મોખરે લાવવા પ્રયત્નો હાથ ધરવા દેશવાસીઓને પ્રેરિત કર્યા છે. ત્યારે ગાંધીનગરમાં પણ વિવિધ સેક્ટરોમાં વિવિધ સંસ્થાઓ અને નગરજનો દ્વારા સ્વયંભુ આ અભિયાનમાં જોડાઈ રહ્યા છે અને નગરને સ્વચ્છ બનાવવા કમર કસી રહ્યા છે.

● સેક્ટર-૩-સી

સેક્ટર-૩-સી માં શિવાની ચોકના બાળગોપાળ યુવા મંડળ દ્વારા ચોકમાં સ્વચ્છતા અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ બાળ ગોપાળ મંડળના બાળકોએ ઘરે ઘરે જઈને પ્લાસ્ટિક ભંગાર તેમજ અન્ય કચરો ઉઘરાવી તેનો નિકાલ કર્યો હતો.

● સેક્ટર-૭

સેક્ટર-૭ માં સંસ્કાર ગૃપ દ્વારા શોપીંગ સેન્ટર સામે આવેલા બગીચામાં વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. આ સંસ્કાર ગૃપ દ્વારા સે. ૭ના બગીચામાં અને તેની આસપાસ રહેલો કચરો દૂર કરવા સંકલ્પ કરવામાં આવ્યો છે. આ સ્વચ્છતા અભિયાન દરમ્યાન બગીચામાં દરેક વ્યક્તિઓને સ્વચ્છતાનું મહત્વ સમજાવી પોતાના ઘર આંગણાથી માંડીને આસપાસના વિસ્તારને સ્વચ્છ રાખવા અનુરોધ કરાશે.

● આર.જી. પટેલ કન્યા માધ્યમિક શાળા, સે. ૨૩

કડી સર્વ વિદ્યાલય કેમ્પસમાં આવેલ આર.જી. પટેલ કન્યા માધ્યમિક શાળામાં ધોરણ-૯ થી ૧૨ ની તમામ વિદ્યાર્થીનીઓએ, આચાર્યા અને શિક્ષકગણ સહિત વહીવટી કર્મચારીઓને પણ સામેલ કરી સ્વચ્છતા અભિયાન હાથ ધર્યું હતું. આ અભિયાન દરમ્યાન તેમણે વર્ગખંડ, બાથરૂમ, લેબોરેટરી, ગ્રંથાલય, મુખ્ય હોલ, પ્રિન્સિપાલ ઓફિસ, ઉપરાંત શાળાનું ધાબુ, પાણી ટાંકી વગેરે તમામ જગ્યાએ સફાઈ હાથ ધરી હતી. આ સ્વચ્છતા અભિયાનમાં સ્કાઉટ ગાઈડ, એનએસએસ અને એનસીસીની તમામ વિદ્યાર્થીનીઓ પણ જોડાઈ હતી. આ પ્રસંગે ગાંધીજીના પુસ્તકોનું



પ્રદર્શન પણ ગોઠવવામાં આવ્યું હતું.

● ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ, રાંધેજા

રાંધેજા ખાતે આવેલ ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ દ્વારા પણ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. ગાંધી જયંતિની ઉજવણી દરમિયાન યોજાયેલ આ સ્વચ્છતા અભિયાનમાં વર્ગખંડ, કોરીડોર, મેદાન અને કાર્યાલયોની સફાઈ કરવામાં આવી હતી. આ સ્વચ્છતા અભિયાનમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. અને હવેથી દર મહિને એક દિવસ સફાઈ અભિયાનનો અમલ કરવાના શપથ લીધા હતા.

## જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયમાં સ્વચ્છતા ઝુંબેશ

ગાંધીનગર, તા.૫

બીજી ઓક્ટોબર ગાંધી જયંતિ નિમિત્તે જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયના શાળાના આચાર્યશ્રી સંતોકબેન, ચૌધરીના માર્ગદર્શન હેઠળ સ્વચ્છતા અભિયાનનું આયોજન એન.એસ.એસ. અને એન.સી.સી. દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રોગ્રામ ઓફિસરશ્રી રમીલાબેન ચૌધરી, ભાવનાબેન ઠક્કર, ક્રિષ્નાબેન ઠાકરની રાહબરી હેઠળ અમલ કરવામાં આવ્યો હતો. પ્રયોગશાળા, ઓરડાઓ, પાણીની ટાંકી શૈચાલયોમાં સફાઈ કરવામાં આવી હતી. તમામ સ્ટાફ તથા વિદ્યાર્થીઓએ સફાઈ અભિયાનમાં જોડાઈને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## શહેર જાગૃત નાગરિક પરિષદની આજે બેઠક

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની માસિક બેઠક આજ રોજ તા. ૬ઠ્ઠી ઓક્ટબરના સોમવારે સાંજે પાંચ વાગે સેકટર-૨૧ના નમન એપાર્ટમેન્ટમાં પ્રમુખશ્રી લવજીભાઈ વાડિયાના અધ્યક્ષસ્થાને મળશે. જેમાં ૨૦૧૩-૧૪ના હિસાબો તથા પ્રશ્નોની સમીક્ષા કરવામાં આવશે. પદાધિકારીઓ કાર્યવાહક સમિતિના સભ્યો તથા આમંત્રિતોએ હાજર રહેવા માટે મહામંત્રીશ્રી નિરંજનભાઈ ઓઝાએ જણાવેલ છે.

## તલોદમાં હોમ-હવન-નૈવેધ સાથે શ્રધ્ધાળુઓએ નવરાત્રીનું સમાપન કર્યું

તલોદ, તા.૫

સાબરકાંઠા જિલ્લાના તલોદ ખાતે જગત જનની જગદંબાની આરાધનાના મહાપર્વ નવરાત્રીની આઠમે ધામધૂમથી ઉજવણી કરી વિવિધ નિવેધો ધરાવી ઉપવાસની પુર્ણાહુતી કરાઈ હતી.

આઠમની વહેલી સવારથી ભકતોની બજારમાં પુજાપા માટેની વિવિધ સામગ્રી ખરીદવા ભીડ જામી હતી. નવરાત્રીમાં શ્રધ્ધાળુઓએ પોત પોતાના ઈષ્ટદેવ કે કુળદેવીને રીઝવવા ઉપવાસ, એક પગે ઉભા રહી તપ ઉપાસના કે બાધા પુરી કરતા હોય છે જેમાં નિતનવા પ્રસાદો, નાળીયેર, અબીલ ગુલાલ, કંકુ, ગુગળ-અગરબત્તી વગરે ચીજવસ્તુઓનો ઉપયોગ કરતા હોય છે જેને ખરીદવા શ્રદ્ધાળુઓએ તલોદના બજારમાં આવેલ પૂજાપાની દુકાનોએ ભીડ જમાવી હતી.

આઠમની રાત્રે આ શ્રધ્ધાળુએ મોડી રાત્રી સુધી હવન-અનુષ્ઠાન હાથ ધર્યા હતા તેમજ કેટલાક મંદિરોમાં ડાકલા સાથે ભજન વગેરેના કાર્યક્રમ પણ યોજાયા હતા.

માતાજીને રીઝવવા ભકતોએ નૈવેધ ચઢાવ્યા હતા. ઘણા શ્રધ્ધાળુઓ પોતાના વડવાઓ વખતથી ચાલી આવતા નૈવેધ ધરાવવા બહારગામ રહેતા હોવા છતા વતનમાં આવતા હતા અને માતાજી સમક્ષ મનવાંછીત ફળ મેળવવા બાધા આખડી પૂરા કર્યા હતા. આમ તલોદમાં રંગે ચંગે નવરાત્રીનું શ્રધ્ધાળુઓએ ભાવપૂર્વક સમાપન કર્યું હતું.

## પ્રાંતિજમાં હડતાળી સફાઈ કર્મચારીઓએ બહારથી આવેલા સફાઈકર્મીઓને ફટકાર્યા

પ્રાંતિજ, તા. ૫

પ્રાંતિજ નગરપાલિકાના આરોગ્ય વિભાગના સફાઈ કામદારો છેલ્લા નવ દિવસથી તેમની માંગણીઓને લઈ અચોક્કસ મુદતની હડતાલ ઉપર ઉતરી ગયા છે. ગંદકીનો પ્રશ્ન ગંભીર થતા પાલિકા દ્વારા બહારથી સફાઈ કામદારો લવાતા હડતાળી સફાઈ કામદારોએ સફાઈના સ્થળ પર જઈ હંગામો કરી ગાળાગાળી અને હાથાપાઈ કરતા મામલો ગંભીર બની ગયો હતો અંતે પોલીસે દરમિયાનગીરી કરતા મામલો થાળે પડ્યો હતો.

પ્રાંતિજ નગરપાલિકાના આરોગ્ય વિભાગના સફાઈ કામદારો ગત ૨૪ મી સપ્ટેમ્બરથી તેમની પડતર માંગણીઓને લઈ અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરી ગયા હતા. હડતાળનો કોઈ સુખદ નિર્ણય કે અંત ન આવતા પાલિકા તંત્ર દ્વારા તહેવારોમાં જ ઘન કચરો ઠેર-ઠેર ભેગો થતા બહાર ગામથી સફાઈ કામદારો બોલાવી મુખ્ય બજારમાં સફાઈ કામ હાથ ધરવામાં આવ્યું હતું. જ્યારે હડતાળી કામદારોને જાણ થતા સફાઈ સ્થળે દોડી આવી બહારગામથી આવેલ સફાઈ કામદારો સાથે બોલાચાલી કરી ઝઘડો કર્યો હતો. સમગ્ર મામલો બિચકતા નગરપાલિકાના પદાધિકારી ટના સ્થળે દોડી આવ્યા હતા. મામલો ઉગ્ર બનતા તાત્કાલિક પોલીસને બોલવાની ફરજ પડી અને પોલીસે આવી મામલો થાળે પાડ્યો હતો. બાદમાં પાલિકાતંત્રના પદાધિકારી કોર્પોરેટર વગેરે જાતે જ સફાઈ કરવાની ફરજ પડી હતી.

### ફિયાસ્કો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આ ગ્રામસભા અભિયાનમાં મનરેગાનું લેબર બજેટ તૈયાર કરી પસાર કરવા ઉપરાંત ગ્રામ વિકાસના પ્રશ્નો તેમજ અસ્થાયી બી.પી.એલ. પરિવારોના નામ ગામની યાદીમાંથી કમી કરવા જેવા મહત્વના મુદ્દાઓ હોવા છતાં નબળા પ્રતિસાદને લઈ તંત્ર ચોંકી ઉઠ્યુંછે. જિલ્લામાં આમેય ગ્રામસભા અભિયાન સરકારી કાર્યક્રમોના ભારણને લઈ મોડુ શરૂ થયુંછે. જો કે તે તેના સમયગાળામાં પૂર્ણ થઈ જશે. અત્યારે રોજની ૪૦ થી વધુ ગ્રામસભાઓ જિલ્લામાં યોજાઈ રહી છે. આ ગ્રામસભા અભિયાનમાં પદાધિકારીઓએ રસ પણ ઓછો દાખવ્યો હોવાની ચોંકાવનારી હકીકતો બહાર આવી છે. નવરાત્રીનું પર્વ અને પરીક્ષાના માહોલને કારણે પણ આ અભિયાનને નબળો પ્રતિસાદ મળ્યો હોવાનું તંત્ર કારણ આગળ ધરી રહેલ છે.

### સમરસતા પ્રગટી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતી. ગરબા મહોત્સવ દરમિયાન શેરીગરબાઓમાં નાસ્તા અને જમણવારની પ્રથા પણ હવે સેક્ટરો ઉપરાંત નવી સોસાયટીઓમાં આકર્ષણનું કેન્દ્ર બની છે જ્યારે કર્મચારીઓના નગરમાં મકાનની જુદી જુદી કક્ષાની જેમ કેટેગરીમાં વહેંચાયેલા નગરજનો વર્ગવાદને ભુલી નવરાતની ઉજવણીમાં એકરૂપ બનેલા જોવા મળ્યા હતા. અગાઉ સરકારી વસાહતમાં આ વાત જાણે એક સ્ટેટસ સિમ્બોલ બની ગઈ હતી. પરંતુ સેક્ટરોની શેરીઓમાં ઉજવાતા શક્તિની ભક્તિના આ પર્વમાં કોમી-એખલાસની સાથે ભાઈચારાનું વાતાવરણ જોવા મળ્યું હતું. સેક્ટરોના ચોકઠાઓમાં આદ્યશક્તિનું આ પર્વ સામાજિક સમરસતાનું પણ પ્રતિક બની ગયું હતું.

### પુનઃ હિંસા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી હતી. વધારાની ટીમો ગોઠવી દેવામાં આવી હતી. પોલીસ પર પથ્થરમારો કરવામાં આવતા કેટલાકને નજીવી ઈજા થઈ હતી. આવતીકાલે બકરી ઈદની ઉજવણી કરવામાં આવનાર છે જેથી આ વખતે વધારે સુરક્ષા ગોઠવી દેવામાં આવી છે.

એસઆરપીની ટીમ પણ ગોઠવી દેવામાં આવી છે. ઈદને ધ્યાનમાં લઈને શાહપુરમાં રંગીલા પોલીસ ચોકી પાસે અડ્ડા વિસ્તારમાં પોલીસ કાફલો ખડકી દેવામાં આવ્યો છે. દરમિયાન શહેર પોલીસ કમીશનરે લોકોને શાંતિ જાળવી રાખવા અપીલ કરી હતી. સુત્રોએ કહ્યું હતુ કે પોલીસે સમગ્ર વિસ્તારને પોતાના અંકુશ હેઠળ લઈને તપાસ હાથ ધરી છે. શાહપુરમાં સ્થિતી હજુ પણ વિસ્ફોટક છે. જો કે દુકાનો અને વેપારી પેઢીઓ મોડેથી ખુલી ગઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ શહેરના શાહપુરમાં છેલ્લા કેટલાક દિવસથી સ્થિતિ તંગ બનેલી છે. શહેર ક્રાઈમ બ્રાંચના અધિકારીઓએ ગઈકાલે બપોરે દરિયાપુરમાં બજરંગ દળના સભ્યોની અટકાયત કરી હતી. બજરંગદળના સભ્યો ગૌ હત્યા અને અન્ય પ્રવૃત્તિઓ ઉપર નજર રાખી રહ્યા હતા.

### ફેન્સી નંબર પ્લેટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હટાવવા તથા તેમની ફેન્સી નંબર પ્લેટ દૂર કરવા માટે જિલ્લા ટ્રાફીક પોલીસ ઝુંબેશ શરૂ કરશે. નોંધવું રહેશે કે ગાંધીનગરની પોલીસ પોતાના વાહનો પર આવુ લખાણ લખાવવાનું મોટે ભાગે ટાળે છે પરંતુ કેટલીક પોલીસ અને કેટલાક તેમના સગાવ્હાલાઓ આ પ્રકારે બેફામ લખાણો ચિતરાવીને બિન્દાસપણે શહેરમાં વાહન લઈને ફરે છે.

## શબ્દાવલી - ૫૫૨૪

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ૪ | ૫ | ૬ |
| | ■ | ૭ | | ૮ | ■ | ૯ | |
| ૧૦ | ૧૧ | ■ | ૧૨ | | ૧૩ | | ■ |
| ૧૪ | | ૧૫ | ■ | ■ | | ■ | ૧૬ |
| ■ | ૧૭ | | ■ | ૧૮ | | ૧૯ | |
| ૨૦ | | ■ | ૨૧ | | | | ■ |
| | ■ | ૨૨ | | | ■ | | ૨૩ |
| ૨૪ | | ■ | ૨૫ | | ■ | ૨૬ | |

**આડી ચાવી**

૧. સાર-સંભાળ (૪)
૪. પખાલ, પાણીની થેલી (૩)
૭. ટપારવું, ... કરવી (૩)
૯. રેતીનું મેદાન (૨)
૧૦. મદારી (૨)
૧૨. ધૃણા (૪)
૧૪. આશ્ચર્ય (૩)
૧૭. ગુનેગારને.... થાય (૨)
૧૮. ખચકાટ, કચવાવું તે (૪)
૨૦. નેટ (૨)
૨૧. ભૂલવાની ટેવવાળો (૪)
૨૨. ધનવાન (૪)
૨૪. એકમ-બીજ... ચોથ (૨)
૨૫. ગાડી, મોટર (૨)
૨૬. પંખીઓ... માં રહે (૨)

**ઊભી ચાવી**

૧. ચોકીદાર (૪)
૨. લોખંડનો જંક (૨)
૩. 'નકોર' શબ્દ આડોઅવળો (૩)
૫. હોડ, હરિફાઇ (૩)
૬. કીડીને... હાથીને મણ (૨)
૮. નકામુ, રદ્દી (૨)
૧૧. બાકસની સળી (૪)
૧૩. ... થઇ જવું, છૂ થઇ જવું (૫)
૧૫. ઘા વાગવો, ... થવી (૨)
૧૬. હિંચકો, પાટ (૨)
૧૮. પૈસાદાર (૪)
૧૯. ઘરની આસપાસ કરાતી આડસ (૨)
૨૦. એક ઔષધ (૩)
૨૧. નાના બાળકો (૩)
૨૩. અડપલુ (૨)

**શબ્દાવલી ૫૫૨૩ના જવાબ**

**આડી ચાવી :-** (૧) સાગરીત (૪) ગાંસડી (૬) પગ (૭) કમજોર (૮) સીન (૯) કોડ (૧૦) આદીવાસી (૧૩) જરા (૧૪) વસવસો (૧૬) જનમ (૧૭) ડકાર (૧૮) શક (૨૧) શપથ (૨૨) દેહ

**ઊભી ચાવી :-** (૧) સાપસીડી (૨) ગગન (૩) તકવાદી (૪) ગાંજો (૫) સરકો (૧૦) આરામ (૧૧) વાવડ (૧૨) સીસકારો (૧૩) જનક (૧૫) વર (૧૬) જશન (૧૯) શાપ (૨૦) રાહ

## ટાઈમલાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તમામ સભ્યો પ્રામાણિક નથી હોતા. ચૂંટણીમાં ખર્ચ કરે છે અને બદલો મેળવે છે. એક સમયે કોંગ્રેસનો ભારતરમાં સિતારો હતો. બધાં રાજયો કોંગ્રેસની મુઠ્ઠીમાં હતા. દિલ્હીની ગાદી ઉપર એકચક્રી શાસન હતું અને આજે બધું બદલાઈ ગયું છે. આ દેશમાં તંદુરસ્ત વિરોધપક્ષ નથી. સોશ્યલ સાઈટ ઉપર તો સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી કંઈ બોલે તો પણ અને કંઈ ન બોલે તો પણ બદનામ થાય છે. સોનિયા રાવણદહન પ્રસંગે મોદીને હાથ જોડે તો પણ લોકો કહે છે કે કેવા દિવસો આવ્યા... મોતના સોદાગર કહ્યા તેમની સામે હાથ જોડવા પડે છે... કોંગ્રેસ પાસે આનો કોઈ જવાબ નથી. કોંગ્રેસના નેતાઓએ આંતરખોજ કરવી પડે તેમ છે...

**કચરો ફરીથી ના થાય તે માટે શું કરશો...**

ગાંધી જયંતિના દિને હાથમાં ઝાડુ પકડીને તમામ રાજકીય નેતાઓએ કચરાની સફાઈ કરી દીધી છે પરંતુ આ કચરો ફરીથી થાય નહી તેની વ્યવસ્થા શું છે તે બાબતે કોઈ નવી જાહેરાત થઈ નથી. સિગારેટ પીતા વ્યક્તિને પકડીને દંડ વસૂલ કરવો તેવો આદેશ છે પરંતુ આ આદેશનું પાલન કોણે કરવાનું છે તે નક્કી નથી તેમ કચરો જાહેરમાં નાંખનાર પાસેથી દંડ કોણે વસૂલવો તે નક્કી નથી. દિવાળી આવે એટલે ઘરની સફાઈ લોકો કરે છે આંગણું પણ ચોખ્ખુ કરે છે, મહોલ્લો સાફ થતો નથી. આ મહોલ્લો સાફ કરવા અને સરકારી આદેશનું કડક પાલન કરવા માટે મેનપાવરની આવશ્યકતા છે, જે આપણી પાસે નથી...

**ભાજપમાં ભાઇ કરતાં બહેન આગળ નિકળ્યા...**

ભાજપના કાર્યકરોની બોર્ડ-નિગમ તરફ મીટ મંડાઈ છે. ઘણાં સમયથી ખાલી પડેલા પોલિટીકલ હોદ્દાઓ મેળવવા માટે સચિવાલયમાં ખાસ કરીને સીએમઓ માં લોબીગ શરૂ થઈ ચૂક્યું છે. ભાજપ મહિલા મોરચામાં ૬૦ ટકા મહિલા આગેવાનોને ચેરમેનશીપ અને ડીરેક્ટરના પદ જોઈએ છે. ભાજપમાં ભાઈ કરતાં બહેન આગળ નિકળી ગયા છે. સચિવાલયના મુલાકાતીઓમાં પણ જોઈએ તો મોટાભાગની બહેનો વધુ આવે છે. મહિલા ચીફ મિનિસ્ટરના શાસનમાં મહિલા સશક્તિકરણને વધારે મહત્વ આપવામાં આવ્યું છે. હવે તો સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની આગામી ચૂંટણીઓમાં મહિલા પ્રતિનિધિત્વ ૩૩ ટકાથી વધીને ૫૦ ટકા થઈ ચૂક્યું છે...

**ભાજપ સવજી કોરાટ લાવી શકતું નથી...**

ગુજરાતમાં પ્રથમવાર સંપૂર્ણ બહુમતવાળી કેશુભાઈ પટેલની સરકાર લોકપ્રિય બની તેનું મુખ્ય કારણ છ મહિનામાં લેવાયેલા ફટાફટ નિર્ણયો હતા. પ્રધાનોએ એક જ મહિનામાં તેમની સંપત્તિ જાહેર કરી દીધી હતી. ચીફ મિનિસ્ટરની ખુરશી પર બેસતા જ અનાજ સસ્તુ અને એસટીના ભાડામાં ઘટાડો અમલી બન્યો હતો. લોકોને વહીવટમાં ઝડપ ખૂબ ગમે છે. કેશુભાઈની સરકારમાં સવજી કોરાટ માર્ગ-મકાન મિનિસ્ટર હતા, તેઓ સરપ્રાઈઝ ચેકિંગના આગ્રહી હતા. સ્થળ પર જઈને દંડ ફટકારવા માટે તેઓ લોકપ્રિય બન્યા હતા. નલિન ભટ્ટ સ્કૂલોનું સર-ઈઝ ચેકિંગ કરતા હતા. આજે આવા સવજી કોરાટ અને નલિન ભટ્ટ ભાજપમાં નથી...

**ફરિયાદ પેટી ઘણાં -બ્લેમ સોલ્વ કરે...**

ગુજરાત સરકારમાં ફરિયાદ પેટી હોય તો ઘણાં પ્રોબ્લેમ સોલ્વ થઈ જાય તેમ છે. ભૂતકાળની સરકારમાં આવી ફરિયાદ પેટી વિવિધ વિભાગોમાં રાખવામાં આવતી હતી અને તેના આધારે પગલાં લેવામાં આવતા હતા. જેમ કે ખોરાકમાં ભેળસેળ હોય કે હોટલોમાં પ્રિન્ટેડ કરતાં વધુ દામ લેવાતા હોય તો ફરિયાદ થતી હતી. વિસ્તારમાં દારૂના બુટલેગરો હોય તો નનામી ફરિયાદો પેટીમાં આવતી હતી. એ વખતે હરેન પંડ્યા મોસ્ટ પોપ્યુલર બની ચૂક્યા હતા, કેમ કે તેઓ ફરિયાદનો ત્વરીત નિકાલ કરતા હતા. આનંદીબેન પટેલની સરકારમાં આજે લોકોને ફરિયાદ છે પણ પેટી નથી, કમસે કમ બહેનની સરકારે ભ્રષ્ટાચારની ફરિયાદ પેટી રાખવી જોઈએ...

**કેન્દ્ર કરે તેનો અમલ ગુજરાતે કરવો પડે ને...**

ગુજરાતે જે કર્યુ છે તેનો અમલ કેન્દ્ર કરે છે પણ કેન્દ્ર જે કરે છે તેનો અમલ ગુજરાત કેમ કરતું નથી તેવો સવાલ એક મુલાકાતીએ સચિવાલયમાં કર્યો અને કહ્યું કે આપણા કેન્દ્રના રેલ્વે મિનિસ્ટર અચાનક સાબરમતી રેલ્વેસ્ટેશને ગયા અને ગંદકી જોઈ બગડ્યા, જવાબદારોને સસ્પેન્ડ કરી દીધા. આપણે ત્યાં આ સિસ્ટમનો અમલ કેમ થતો નથી. આપણે ત્યાં ઘણી સરકારી કચેરીઓ ગંદી ગોબરી છે પણ જવાબદારો સામે પગલાં કેમ લેવાતા નથી. હજી આજે પણ મહેસૂલ, શહેરી વિકાસ અને ગૃહ જેવા સરકારી વિભાગોમાં લાંચ લેવાય છે તે રંગેહાથ પકડીને કેમ બંધ થતી નથી. ટેન્ડરો પાસ કરવામાં ગોટાળા થાય છે તેની ઉપર કેમ કોઈ વોચ નથી. લોકોનો વિશ્વાસ જીતવા આ બધું કરવું તો પડશે ને...

**ચાર રૂપિયામાં ૨૦ લીટર મિનરલ વોટર...**

આનંદપુરા ગામનો અભ્યાસ દેશની તમામ પાર્ટીઓએ કરવા જેવો છે. મહેસાણા જિલ્લાના વિજાપુરમાં આવેલા આ ગામનો ઈતિહાસ છે કે જયાં કોઈપણ પ્રકારની ચૂંટણી થતી નથી. મહિસા સશક્તિકરણનું સો ટકા કામ આ ગામમાં થયું છે. દસ-દસ વર્ષ સુધી એક મહિલા ગામમાં શાસન કરે તે વાત માન્યામાં આવતી નથી. આ ગામનું એકપણ બાળક કુપોષિત નથી. આખું ગામ સાક્ષર છે. સો ટકા શૌચાલય છે. ૧૨૦૦ની વસતીમાં બધી સુવિધા મળી રહે છે. ૨૦ લીટર મિનરલ વોટરનો ભાવ માત્ર ચાર રૂપિયા છે. માતા અને બાળમૃત્યુ દર શૂન્ય છે. આનંદપુરા એ ખરા અર્થમાં ગુજરાતનું આદર્શ ગામ બન્યું છે.

**રવિવારે ૭૦ ટકા ફેમિલી હોટલમાં હોય...**

ગુજરાતના મેટ્રોસિટી અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરતનો એક સર્વે થયો છે જેમાં એવું ધ્યાને આવ્યું છે કે ૭૦ ટકા ફેમિલી રવિવાર કે રજાના દિવસે ઘરના રસોડાને તાળા મારી હોટલમાં જાય છે. રવિવારનું ભોજન તો હોટલમાં જ હોય છે. બહારનું ખાવું નહી તેવું કહેતા ડોક્ટર ફેમિલી પણ રજાના દિવસે હોટલમાં જોવા મળે છે. આશ્ચર્યની બાબત એવી સામે આવી છે કે ભાઈબીજ કે રક્ષાબંધનના દિવસે ભાઈ-બહેનના સબંધોમાં ઉણપ આવતી જાય છે. આ બન્ને દિવસોમાં ઘરમાં રસોઈ બનતી નથી. ભાગ્યેજ એવું ફેમિલી હશે કે જેમણે ભાઈને અથવા બહેનને ઘરમાં કંસાર જમાડ્યો હશે. આ સર્વે માત્ર શહેરોનો છે, ગામડાનું વાતાવરણ હજી એવું જ છે...

**હોડાકા ગામની મુલાકાત લેવી જરૂરી છે...**

ગુજરાતના ૩૧ ગામોને ઈકો ટુરિઝમ માટે પસંદ કરવામાં આવ્યા છે જે પૈકીનું એક હોડાકા ગામ છે કે જયાં રણોત્સવ થાય છે. ગામડાના લોકોની સંસ્કૃતિ, તેમના રીતરિવાજ અને રહેણીકરણી જાણવી હોય તો આ ગામ જઈ શકાય છે. આ ગામની ભૌગોલિક સ્થિતિ જરા જુદી છે. ભારતની છેલ્લી સરહદ ઈન્ડિયા બ્રીજ તેની તદન નજીક છે. શિયાળામાં પરદેશી પક્ષીઓ આ ગામમાં મહેમાન બને છે. આ ગામમાં સિમેન્ટનું એકપણ મકાન નથી. લીંપણવાળા ઘર છે. હજી પણ કચ્છના આ બેનમૂન ગામમાં લોકસંસ્કૃતિ અકબંધ છે. વિદેશીઓ આવે છે પણ વિદેશી વાયરાનું વ્યસન આ ગામને લાગ્યું નથી. લોકો પણ એટલા બધાં ભોળાં છે, જેમાં કપટ શબ્દ નથી...

**કોંગ્રેસના છેલ્લા સીએમ માધવસિંહ હતા...**

ગુજરાતમાં કોંગ્રેસના છેલ્લા ચીફ મિનિસ્ટર છબીલદાસ મહેતા હતા. કોંગ્રેસના શાસનનો છેલ્લો દિવસ ૧૪ માર્ચ -૧૯૯૫ હતો. જો કે આ કોંગ્રેસમાં ભળેલા નેતા હતા. ઓરીજનલ કોંગ્રેસનું શાસન તો ૪ માર્ચ - ૧૯૯૦માં પૂર્ણ થયું છે. એટલે કહેવું હોય તો એવું કહી શકાય કે માધવસિંહ સોલંકી એ મૂળ કોંગ્રેસના છેલ્લા ચીફ મિનિસ્ટર હતા. કોંગ્રેસે ગુજરાતને સાત ચીફ મિનિસ્ટર આપ્યા છે, જયારે ભાજપે ઓરીજનલ ચાર અને બે બળવાખોર ચીફ મિનિસ્ટર આપ્યા છે. હાલના ચીફ મિનિસ્ટર આનંદીબેન પટેલ એ ગુજરાતના ૧૫માં ચીફ મિનિસ્ટર છે અને ભાજપના ચોથા. ઓરીજનલ કોંગ્રેસ ૨૪ વર્ષથી સત્તામાં નથી...

**હવે ડેસર ગામમાં ડાકુ-લૂંટેરા નથી...**

ગુજરાતનો ઈતિહાસ ભવ્ય છે. વૈવિધ્યતાથી ભરેલો છે. મધ્ય ગુજરાતનું એક ગામ એવું છે કે જેનો ભૂતકાળ વાગોળીયે તો ભલભલાને ડર લાગે. પોલીસ પણ આ ગામમાં જવાની હિમ્મત કરતી ન હતી. ડાકુ અને લૂંટેરાઓની નગરી તરીકે જાણીતા ડેસર ગામની ડેન્જર વાતો ઘણી થાય છે. પંચમહાલ જિલ્લાના બે તાલુકા હાલોલ-જાંબુઘોડા અને વડોદરાના સંખેડાની સરહદે આવેલા આ ગામમાં સમગ્ર ભારતવર્ષમાં આવેલા શિવમંદિરોમાં ક્યાંય જોવા ન મળે તેવું અત્યંત કલાત્મક ગૌમુખ છે. શિવભક્તો માટે આ અલૌકિક નજારો છે. કુદરતની ગોદ જોવી હોય તો ડેસર જવું પડે, હવે ત્યાં ચોર લૂંટારાનું રાજ નથી. પહેલાં ધોળે દિવસે કોઈ -વેશી શકતું ન હતું પણ જયારથી આ ગામને હેરીટેજ સાઈટમાં સમાવ્યું છે ત્યારથી દિવસે તો ઠીક રાત્રે પ્રવાસીઓ હરવા ફરવા જઈ શકે છે...

**દિવાળી પછી બદલીઓનો દોર શરૂ ...**

ગુજરાત સરકારમાં દિવાળીની રજાઓ પછી બદલીઓનો દોર શરૂ થવાનો છે. નવા ચીફ સેક્રેટરીની નિયુક્તિ પહેલાં વહીવટી તંત્રમાં મોટાપાયે ફેરફારો તોળાઈ રહ્યાં છે. ઓફિસરોની દિલ્હી જવાની રફતાર ધીમી પડી છે. હવે ભાગ્યે જ કોઈ ઓફિસર દિલ્હી જાય તેમ છે, કારણ કે ગુજરાતમાં પણ સિનિયર ઓફિસરોની જરૂરિયાત છે. દિલ્હીમાં આખું ગુજરાત ઠાલવી દેવાનું નથી. ગુજરાત સરકારના બે ડઝન કરતાં વધારે ઓફિસરો દિલ્હીમાં ડેપ્યુટેશન ઉપર ફરજ બજાવે છે. સચિવાલયના સૂત્રો કહે છે કે રાજયના સનદી ઓફિસરો તેમજ આઈપીએસ ઓફિસરોની મોટાપાયે બદલીઓ થવાના ચાન્સ છે પણ દિવાળી પછી થશે, કારણ કે સરકારમાં દિવાળીમાં કોઈને નારાજ કરવાની -થા નથી...

ચાર-પાંચ દિવસના મિની વેકેશન પછી સચિવાલયની ગલીઓ મંગળવારે ફરી ખૂલશે. ફરી એ જ ચહલ-પહલ જોવા મળશે. સ્વર્ણિમ સંકુલ થી સચિવાલય અને વિધાનસભા થી ઉદ્યોગ ભવનના ચક્કર કાપતાં મુલાકાતીઓ અને ઓફિસરોની મિટીંગોનો ધમધમાટ શરૂ થશે. હા, દિવાળી આવી એટલે કોર્પોરેટ સ્ટાઈલની ગિફ્ટનો ખજાનો સચિવાલયમાં ઠલવાશે. મુલાકાતીઓ કરતાં કોર્પોરેટ જગતના મહાનુભાવો હાથમાં શુભેચ્છાનો ગુલદસ્તો તેમજ મીઠાઈના આકર્ષક પેકીંગ લઈને સચિવાલયની ચેમ્બરોને મહેકતી કરી મૂકશે. સચિવાલયમાં હવે ઓલ ઈઝ વેલ છે....